# ઋણાનુબંધ

--પ્રવીણ પટેલ 'શશી'

અમે સાન્ફ્રાન્સીસ્કો ગયાં હતાં. મારા જુના મીત્ર વીનોદ ખરસાણીના આગ્રહથી અમે એક રાત માટે એના મહેમાન બન્યાં. વીનોદના મોટાભાઈ મુકુંદ પહેલા આવેલા અને એક અમેરીકન બાઈને પરણેલા. મુકુંદે પછી વીનોદને બોલાવ્યો અને એ મુંબઈથી વીણાને જીવનસાથી બનાવી લાવેલો.

વીણાનાં મમ્મી દમયંતીબહેન શેઠ મુંબઈમાં ચંદા રામજી ગર્લ્સ હાઈ સ્કુલમાં હેડ મીસ્ટ્રેસ હતાં. વીણાના પપ્પા જયમતરામ શેરબજારમાં દલાલી કરતા. બંને વીનોદને ત્યાં હતાં. અમે જોયું, જયમતરામમાં ઝાઝો ફેર પડ્યો નહોતો, વાળ થોડા સફેદ થયા હતા ને ચહેરો થોડો લેવાયો હતો.

'કેમ છો, પપ્પા?'

'સારું છે. તમારા દેશમાં આવી ગયાં છીએ.'

'મમ્મી બહાર ગયાં છે? દેખાતાં નથી !'

'બહાર ક્યાં જવાનાં? આ સામે સોફામાં તો ગોઠવાયાં છે! ના ઓળખ્યાં?'

હું તો ચકાચૌંધ !

ક્યાં પેલાં થોડાં સ્થુળ, તેલ નાંખી તાણીને અંબોડો વાળતાં, જાડા કાચનાં ચશ્માં પહેરતાં, પ્લેઈન લુઝ ખાદી સીલ્કનાં સાડી-બ્લાઉઝ પહેરતાં, કશાય મેક અપ વીનાનાં ગંભીર ચહેરાવાળાં પંદર વર્ષ પહેલાંનાં દમયંતીબહેન અને ક્યાં આ સામે સોફે ગોઠવાયેલાં શીફોન સાડીસજ્જ, સઘળા મેકઅપથથી લથબથ, ચશ્માં વીનાનાં, શોલ્ડર કટ વાળવાળાં, પાતળાં મેઈનટેઈન્ડ બૉડીવાળાં, વૉકમેન સાંભળતાં દમયંતીબહેન !

આશ્ચર્ય શમતાં હું એમને પગે પડ્યો.

'પાયે લાગું મમ્મીજી. સોરી, તમને ના ઓળખ્યાં.'

'મને હવે મમ્મી કહેશો નહીં, વધેલી ઉંમરનો એ ભાસ કરાવે છે. બહેન કહેજો, તે મને ગમશે,' દમયંતી બહેને ફરમાવ્યું.

'ઘરડી ઘોડી ને લાલ લગામ તે આનું નામ,' જયમતરામે ડબકો મુક્યો.

'તમને વચ્ચે કોણે બોલાવ્યા હતા? તમતમારે છાપું વાંચ્યા કરો, બધે ડાફાં મારવાની આદત જતી જ નથી !'

'બહેન, તમે કેવાં હતાં ને કેવાં થઈ ગયાં !'

'તે વખતે પ્રભાતફેરી કઢાવતી, રેંટીયા પર સુતર કાંતતી, સત્યાગ્રહના નારા લગાવતી, છોકરીઓ પાસે શીસ્તપાલનનો આગ્રહ રાખતી, શીક્ષીકાઓ પાસે લક્કડ-ધક્કડ કામ કરાવતી, ચંદારામજી સ્કુલનું નામ તો મેં પહેલી હારોળમાં મુકી દીધું. સમાજ માટે મેં જાત ઘસી નાખી. બદલામાં મને શું મળ્યું ખબર છે?'

'હારતોરાથી સન્માન થયું હશે અને સાથે સુવર્ણચંદ્રક પણ મળ્યો હશે.' મેં અનુમાન લગાવ્યું.

'ચૌદશીયાએ ભેગા મળી 'ખર્ચા વધ્યા છે'નું બહાનું બતાવી મને પાણીચું પકડાવ્યું. સ્વાભીમાન અને દેશાભીમાનનો મારો નશો જ ઉતરી ગયો.'

'તો તો પછી વીણાએ સીટીઝન બની તમ બંનેને અહીં બોલાવી લીધાં એ સારું જ થયું ને?'

'સારું નહીં; ઉત્તમ થયું. અહીં તો રેડીયો, ટીવી, વીડીયોમાં સમય ક્યાં જાય છે તે જ ખબર પડતી નથી. અમને આવ્યે પાંચ વરસ થઈ ગયાં. મેં તો નક્કી કર્યું છે કે હવે બસ મઝા જ કરવી. વેલફેરમાંથી સીક્યોરીટી ખાઉં છું. કુપનો વાપરું છું. ભાડું પણ લઉં છું. ઓલ્ડ હોમમાં 'રમી' રમું છું. સીનીયર સીટીઝન તરીકે બસોમાં, ટ્રેઈનમાં, દુકાનોમાં ડીસ્કાઉન્ટ પણ મળે. ગવર્નમેન્ટ વેનમાં ફરવા

જાઉં. પીઝા, સ્પગેટી, ટાકો, એન્ચીલાડા, બરીટોઝ, લઝાનીયા, ફ્રાઈડ ચીકન, સ્ટેક, શ્રીમ્પ બધું જ જાતે બનાવતાં શીખી લીધું. ચાઈનીઝ, ઈટાલીયન, મેક્સીકન બધું જ મારે ચાલે.'

'અરે વાહ ! બહેન તમે તો આબાદ અમેરીકન બની ગયાં ! ગવર્નમેન્ટના જેકપોટમાં કશુંય નાખ્યા વીના મફત ઉઘરાવી ખાવાનું તમને ગમે છે? તમારાં જેવાં આવેલાં બધાં આમ સોશીયલ સીક્યોરીટીનો ડુંગર તોડવા બેસી જશે તો પછી અમારો વારો આવશે ત્યારે અમારે ભાગે તો ખાલી સલાવડું જ આવશે !'

'ભોગ તમારા. અમને મળી રહ્યું છે તે અમારાં ભાગ્ય.'

બીજે દીવસે અમે જવા નીકળ્યાં. વીનોદ ઍરપોર્ટ પર મુકવા આવ્યો હતો.

'વીનોદ, તું ઘરમાં શાંત હતો, જાણે પીંજરામાં પુરાયેલો કાકાકૌવા ! તારા ફાધર-મધર દેખાયાં નહીં, ક્યાંક બહાર ગયેલાં છે?'

'સારી વાત કહેવાની હોય તો હોંશ થાય. ફાધર ગુજરી ગયે છ વર્ષ થયાં. મધર સાથે હતાં; પણ...જવા દે યાર !' વીનોદની આંખમાં ઝળઝળીયાં હતાં.

'વીનોદ, હું તારો મીત્ર છું. તારા ફોન આવતા; પણ તેં ઈશારો સરખો પણ નકર્યો?'

'શું કરવું તે સમજ પડતી જ નહોતી. વીણાનાં મમ્મી-પપ્પા આવ્યાં. શરુ શરુમાં સારું ચાલ્યું. પછી તો રોજના જ લોહી ઉકાળા ચાલુ થઈ ગયા. મારાં મધર બોલે તે વીણાનાં મધરને નહીં ગમે, અને એ બોલે તે મારાં મધરને કઠે. વીણાને એની મમ્મી સાચી લાગે. એને કશું કહું તો એ રુઠે. મારાં મધરને કશું કહું તો તે રડે. મારી દશા સુડી વચ્ચે સોપારી જેવી થઈ ગઈ હતી. મારા મધરથી મારી દશા જોવાઈ નહીં, એમણે તોડ કાઢ્યો.

'એમ? કેવો તોડ કાઢ્યો?'

'મને સુખી જોવા તેમણે ઘર છોડ્યું. મારા એક મીત્રે બાળપણમાં એનાં માતા ગુમાવેલાં. મારા મધર માટે એને ઘણો જ ભાવ. મારાં મધર એને ત્યાં રહેવા જતાં રહ્યાં. મારા મીત્રને મા મળી ગઈ. મધર ત્યાં બહુ સુખી છે.' એટલું કહેતાં તે છુટ્ટી પોકે રડી પડ્યો.

કેવો ઋણાનુબંધ ! વહુનાં મા-બાપ ઘરના માલીક બની બેઠાં અને દીકરાની માએ બીજે આશરો લેવો પડ્યો !

--પ્રવીણ પટેલ 'શશી'



## લેખક-પરીચય

ભાદરણમાં જન્મેલા પ્રવીણ પટેલ "શશી", એકાઉન્ટ્સમાં ઉચ્ચતમ પદવી મેળવી, મુંબઈ અને લંડનમાં કામ કરી, છેવટે ૧૯૭૯થી અમેરીકામાં સ્થાયી થયા છે. સાહીત્ય અને કલામાં રસ, રુચી અને ફાવટ. ગુજરાત અને વીદેશનાં ઘણાં સામયીકોમાં તેઓ લખે. પ્રવીણ પટેલ 'લેખક' છે. લેખક એટલે જે લખ્યા કરે તે. પ્રવીણ પટેલ ખુબ લખે છે. બધી જ જાતનું લખે. વાર્તાઓ, નવલકથાઓ, કવીતાઓ અને નીબંધો પણ લખે. ન્યુ જર્સીના ભાઈ સુભાષ શાહના "ગુજરાત દર્પણ"માં પ્રકાશીત થતી એમની 'વાહ, અમેરીકા વાહ!' નામની કટારના ૧૨૯ હપ્તાએ એમને સર્વાધીક પ્રીય બનાવ્યા છે. આટલું ઓછું હોય તેમ તેઓ જગતભરના મીત્રોને પત્રો લખે છે.

મને લાગે કે તેમને બક્ષીબાબુનો રેકર્ડ તોડવો છે. પ્રવીણભાઇ ખુબ ઉમદા ઈન્સાન છે. ખુબ માયાળુ છે. પ્રવીણ પટેલ "શશી"ના ઉપનામથી સાહીત્ય સર્જન કરે છે.

૧૯૬૯માં પ્રથમ પુસ્તક **'શાંતીની શોધ'**માં પ્રગટ થયા પછી લેખકે નીબંધો, નવલીકા, નવલકથા અને કાવ્યોનાં દસેક પુસ્તકો આપ્યાં છે. વાર્તાસંગ્રહ **'આંખ આડે પાંપણ'** તથા નવલકથા **'પુર્ણીમા'** પ્રગટ થવાની તૈયારીમાં છે. એમની સાહીત્યયાત્રા વહેતી રહે અને એમનું સર્જન વધુ સત્ત્વશીલ અને ઓજસ્વી બનતું રહે તેવી શુભેચ્છા.--હરનીશ જાની અને ઉત્તમ ગજ્જર

લેખકનો સંપર્ક : **Pravin Patel,** 80-Corona Court, Old Bridge, **NJ-08857-2854-USA**.
**eMail :** PCPATELxSHASHI@aol.com

## ● મધુરેણ સમાપયેત્ ●

બહુ જ ખુશીની વાત છે કે અમેરીકાના પ્રસીદ્ધ કાર્ટુનીસ્ટ શ્રી. મહેન્દ્ર શાહ દરેક **'સન્ડે ઈ-મહેફીલ '** માટે એક કાર્ટુન મોકલશે. આભાર મહેન્દ્રભાઈ. પધારો, મહેફીલમાં આપનું સ્વાગત છે. માણીએ એમનું કાર્ટુન **'સાસુનું બેસણું'** ઈ-મેઈલ સંપર્ક : mahendraaruna@msn.com
web site: www.ameamericanamdavadi.com



'.....જરા પણ રીબાયાં નહીં. એમની ઉંમરના પ્રમાણમાં મારી સાસુને મોત સારું આવ્યું. 'ક્યોં કી સાસ ભી કભી બહુ થી' સીરીયલ જોતાં જોતાં આંખ મીંચાઈ ગઈ...!

'સન્ડે ઈ-મહેફીલ' -- વર્ષ : બે -- અંક : ૭૦ -- ઑક્ટોબર ૮, ૨૦૦૬

તળગુજરાતથી દુર, દરીયાપાર વસવા છતાં ગુજરાતી સાહીત્યની સાધના કરતા સર્જકોની કૃતીઓની સન્ડે ઈ-મહેફીલ **'વીદેશ-સર્જનોત્સવ'** ઉજવવાનું નક્કી થયું અને સ્નેહી શ્રી. હરનીશભાઈ જાનીએ એના સંપાદનની સઘળી જવાબદારી સહર્ષ સ્વીકારી એનાથી વધારે રુડું શું? સૌ સાહીત્યસર્જકોનો અને ભાઈ હરનીશ જાનીનો ખુબ ખુબ આભાર..

'ઉંઝાજોડણી' અને 'વીજયા' ફોન્ટમાં **અક્ષરાંકન** : ઉત્તમ ગજ્જર : uttamgajjar@hotmail.com
**Harnish Jani,** 4, Pleasant Drive, **Yardville, NJ 08620-USA** -email : harnish5@yahoo.co